# Shri Govind Guru University
(Established Vide Gujarat Act No. 24/2015)

## શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૪/૮૪૫૨ તા.૦૬/૧૧/૨૦૨૪

**પરિપત્ર-૩૫૫૭**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના વિવિધ ભવનોના પ્રોફેસરશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તથા વિદ્યાર્થીઓને જણાવવાનું કે, આ યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોના તમામ સેમેસ્ટર/વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ રી-ચેકિંગ અને રી-એસેસમેન્ટ માટેની અરજી જે-તે અભ્યાસક્રમ/વિધાશાખા માટે નિયત કરેલ સમય-મર્યાદામાં યુનિવર્સિટીની વેબસાઈટ ઉપર પોતાના ઓનલાઈન રીઝલ્ટમાં જઈ માત્ર ઓનલાઈન પધ્ધતિથી કરવાની રહેશે. આ સિવાય કોઈપણ પધ્ધતિ/માધ્યમ થકી રી-ચેકિંગ અને રી-એસેસમેન્ટ માટેની અરજી કરેલ હશે કે ફી ભરેલ હશે તો તે કોઈપણ સંજોગોમાં માન્ય ગણાશે નહી કે તે માટે કાર્યવાહી કરવામાં આવશે નહી તેમજ ફી પણ પરત કરવામાં આવશે નહી. જેની નોંધ લેવા અને આ માહિતી સંબંધિત વિદ્યાર્થીઓને આપવા આથી જણાવવામાં આવે છે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,
વિંઝોલ (ગોધરા).

બિડાણ : રી-ચેકિંગ અને રી-એસેસમેન્ટ માટેના નિયમો અને સૂચનાઓ

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના વિવિધ ભવનોના પ્રોફેસરશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ સારૂં.

## ઉત્તરવહીના ગુણની પુન:ચકાસણી (Re-Checking) કરાવવા અંગેના નિયમો અને સૂચનાઓ :

1. કોઇપણ વર્ષ/સેમેસ્ટરમાં વિદ્યાર્થી મહત્તમ ૦૩ વિષય/પ્રશ્નપત્રના રી-ચેકીંગ માટે અરજી કરી શકશે.
2. વિદ્યાર્થીઓએ જે તે પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી દિન-૧૦ માં યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ ઓનલાઈન માધ્યમથી અરજી કરવાની રહેશે. યુનિવર્સિટી દ્વારા નિયત ઓનલાઈન માધ્યમ સિવાયની અરજીઓ કોઈપણ સંજોગોમાં ધ્યાન પર લેવામાં આવશે નહી.
3. વિદ્યાર્થીએ પ્રશ્નપત્ર/વિષય દીઠ ઓનલાઈન રૂ. ૨૫૦/- ફી ભરવાની રહેશે. અન્ય માધ્યમથી ભરેલ ફી માન્ય ગણાશે નહી અને જો ફી ભરી હશે તો તે પરત પણ થશે નહી.
4. વિદ્યાર્થી દ્વારા ફી ની રકમ ભર્યા બાદ કોઈ પણ સંજોગોમાં અરજી પાછી ખેચી શકાશે નહિ કે ભરેલી ફીની રકમ પરત મળી શકશે નહિ.
5. અધુરી અને ખોટી વિગત ભરેલી અરજીઓ, નિયત ફી સિવાયની અરજીઓ પર ધ્યાન આપવામાં આવશે નહિ.
6. આંતરીક ગુણાંકન, M.C.Q, પ્રેક્ટીકલ વાઈવા, ડેઝટેશન, ટર્મવર્ક, સેમીનાર, પ્રોજેક્ટ-વર્કની જેવી કોઈ પણ પરીક્ષાની રી-ચેકીંગ માટેની અરજી કરી શકાશે નહી.
7. રી-ચેકીંગમાં ફકત વિદ્યાર્થીને મળેલ ગુણના સરવાળાને તથા કોઈ પ્રશ્નના ગુણ ગણતરીમાં લેવાના બાકી રહી ગયેલ નથી ને તે સિવાય અન્ય કોઈ બાબત ચેક કરવામાં આવશે નહી. જો તેમાં ભૂલ હશે તો સુધારા સહીત પરિણામ જાહેર કરવામાં આવશે.
8. વિદ્યાર્થીએ જે વિષય/પ્રશ્નપત્રના રી-ચેકીંગ માટે અરજી કરી હશે તે વિષય/પ્રશ્નપત્રના રી-એસેસમેન્ટ માટે અરજી કરી શકશે નહિ. ખાસ કિસ્સાની પુરક પરીક્ષાઓમાં રી-ચેકિંગ લાગુ થશે નહી.
9. રી-ચેકીંગનું પરિણામ યુનિવર્સિટીની વેબસાઇટ પર પરિપત્ર કરી જાહેર કરવામાં આવશે. આ માટે કોઈ જ પત્ર વ્યવહાર કે અન્ય માધ્યમથી જાણ કરવામાં આવશે નહી. જેથી રી-ચેકીંગ માટે અરજી કરનાર વિદ્યાર્થીઓને યુનિવર્સિટી વેબસાઇટ નિયમિત જોતા રહેવા વિનંતી છે.
10. રી-ચેકિંગના પરિણામને ઉપલાવર્ગમાં પ્રવેશ/અન્ય અભ્યાસક્રમમાં પ્રવેશ/નોકરીની અરજી વિગેરેની તારીખ વીતવા સંબંધિત બાબતો સાથે સાંકળી શકાશે નહી. અને તે માટે તેમજ અન્ય કોઈ પ્રકારનો (નાણા-સમય-તક) કલેઈમ કરી શકશે નહી.

ઉપર જણાવેલ નિયમો અને સૂચનાઓ સંબધે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે યુનિવર્સિટીએ લીધેલો નિર્ણય આખરી ગણાશે. અને જે તે વિદ્યાર્થીને તે બંધનકર્તા રહેશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
વિંઝોલ (ગોધરા).

## ઉત્તરવહીનાં પુન:મૂલ્યાંકન (Re-Assessment) કરાવવા અંગેના નિયમો અને સૂચનાઓ.

1. કોઇપણ વર્ષ/સેમેસ્ટરમાં વિદ્યાર્થી મહત્તમ ૦૨ વિષય/પ્રશ્નપત્રના રી-એસેસમેન્ટ માટે અરજી કરી શકશે.
2. મેડીકલ, હોમિયોપેથી, ડેન્ટલ, નર્સિંગ, ફિઝીયોથેરાપી તથા અન્ય પેરામેડીકલ અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓએ જે તે પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી દિન-૧૦ માં તથા અન્ય અભ્યાસક્રમોના વિદ્યાર્થીઓએ જે તે પરીક્ષાનું પરિણામ જાહેર થયાની તારીખથી દિન-૧૫ માં યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ ઓનલાઈન માધ્યમથી અરજી કરવાની રહેશે.
3. યુનિવર્સિટી દ્વારા નિયત ઓનલાઈન માધ્યમ સિવાયની અરજીઓ ધ્યાન પર લેવામાં આવશે નહી અને જો ફી ભરી હશે તો તે પરત પણ થશે નહી.
4. મેડીકલ, હોમિયોપેથી, ડેન્ટલ, નર્સિંગ, ફિઝીયોથેરાપી તથા અન્ય પેરામેડીકલ ફેકલ્ટીના અભ્યાસક્રમો માટે વિષય/પ્રશ્નપત્ર દીઠ ફી રૂ. ૧૦૦૦/- રહેશે. આ સિવાયની ફેકલ્ટીના અભ્યાસક્રમો માટે વિષય/પ્રશ્નપત્ર દીઠ ફી રૂ. ૫૦૦/- રહેશે
5. ઓનલાઈન અરજી કરી ફીની રકમ ભર્યા બાદ કોઈ પણ સંજોગોમાં અરજી પાછી ખેચી શકાશે નહિ કે ભરેલી ફીની રકમ પરત મળી શકશે નહિ.
6. અધુરી અને ખોટી વિગત ભરેલી અરજીઓ, નિયત ફી સિવાયની અરજીઓ પર ધ્યાન આપવામાં આવશે નહિ.
7. આંતરીક ગુણાંકન , OMR, M.C.Q, પ્રેક્ટીકલ, વાયવા, લઘુશોધ નિબંધ (Dissertation), ટર્મવર્ક, સેમીનાર, પ્રોજેક્ટ-વર્કની કોઈ પણ પરીક્ષાની ઉત્તરવહીઓનાં પુન:મૂલ્યાંકન માટેની અરજી સ્વીકારી શકાશે નહી.
8. રી-એસેસમેન્ટમાં વિદ્યાર્થીની આખી ઉત્તરવહીનું ફરીથી પરીક્ષણ કરાવવામાં આવશે.
9. વિદ્યાર્થીએ જે વિષય/પ્રશ્નપત્રના રી-એસેસમેન્ટ માટે અરજી કરી હશે તે વિષય/પ્રશ્નપત્રના રી-ચેકિંગ માટે અરજી કરી શકશે નહિ.

10 (A) વિદ્યાર્થીએ જે તે વિષય/પ્રશ્નપત્રમાં મેળવેલ મૂળ ગુણ અને પ્રથમ રી-એસેસમેન્ટના ગુણમાં કુલગુણના ૧૦% થી ઓછો તફાવત હોય તો પરિણામમાં કોઈ ફેરફાર જાહેર કરવામાં આવશે નહી.

(B) વિદ્યાર્થીએ જે તે વિષય/પ્રશ્નપત્રમાં મેળવેલ મૂળ ગુણ અને પ્રથમ રી-એસેસમેન્ટના ગુણમાં જો કુલગુણના ૧૦% કે તેથી વધુ ગુણનો તફાવત હોય તો સુધારા સહીત પરિણામ જાહેર કરવામાં આવશે.

(C) વિદ્યાર્થીએ જે તે વિષય/પ્રશ્નપત્રમાં મેળવેલ મૂળ ગુણ અને પ્રથમ રી-એસેસમેન્ટના ગુણમાં જો કુલગુણના ૨૦% થી વધુ ગુણનો તફાવત હોય તો દ્વિતીય રી-એસેસમેન્ટ કરાવવામાં આવશે અને દ્વિતીય રી-એસેસમેન્ટ કરાવ્યા બાદ પ્રથમ રી-એસેસમેન્ટના ગુણ અને દ્વિતીય રી-એસેસમેન્ટના ગુણ પૈકી જે ગુણ મૂળ ગુણની નજીક હશે તે ગુણ મુજબ પરિણામ જાહેર કરવામાં આવશે.

(D) વિદ્યાર્થીએ જે તે વિષય/પ્રશ્નપત્રમાં મેળવેલ મૂળ ગુણમાં પ્રથમ અથવા દ્વિતીય રી-એસેસમેન્ટ બાદ ઘટાડો થતો હશે તો પરિણામમાં કોઈ ફેરફાર જાહેર કરવામાં આવશે નહી.

11. રી-એસેસમેન્ટનું પરિણામ યુનિવર્સિટીની વેબસાઇટ પર પરિપત્ર થકી જાહેર કરવામાં આવશે. આ માટે કોઈ જ પત્ર વ્યહવાર કે અન્ય માધ્યમથી જાણ કરવામાં આવશે નહી. જેથી યુનિવર્સિટી વેબસાઇટ નિયમિત જોતા રહેવા વિનંતી છે.
12. રી-એસેસમેન્ટની પ્રક્રિયા માત્ર એક જ વખત થશે અને તેનું પરિણામ અંતિમ ગણાશે. રી-એસેસમેન્ટ કરવામાં આવેલ ઉત્તરવહીના પરિણામ સંદર્ભની કોઇપણ પ્રકારની અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
13. રી-એસેસમેન્ટ થયેલ ઉત્તરવહીની પ્રમાણિત નકલ માટે વિદ્યાર્થી અરજી કરી શકશે નહી. તેમ છતાં જો અરજી કરી હશે તો તે માન્ય ગણાશે નહી અને ફી ભરી હશે તો તે પરત થશે નહી.
14. ખાસ કિસ્સાની પુરક પરીક્ષાઓમાં રી-એસેસમેન્ટ લાગુ થશે નહી.
15. આ સમગ્ર પ્રક્રિયા યુનિવર્સિટી કક્ષાએ હાથ ધરવામાં આવશે. જેમાં વિદ્યાર્થી, વિદ્યાર્થીના માતા/પિતા/વાલી/સંબંધી કે અન્ય કોઈ બિનઅધિકૃત વ્યક્તિને સામેલ કરવામાં આવશે નહી.
16. રી-એસેસમેન્ટના પરિણામને ઉપલાવર્ગમાં પ્રવેશ/અન્ય અભ્યાસક્રમમાં પ્રવેશ/નોકરીની અરજી વિગેરેની તારીખ વીતવા સંબંધિત બાબતો સાથે સાંકળી શકાશે નહી. અને તે માટે તેમજ અન્ય કોઈ પ્રકારનો (નાણા-સમય-તક) કલેઈમ કરી શકશે નહી.

ઉપર જણાવેલ નિયમો અને સૂચનાઓ સંબધે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો તે અંગે યુનિવર્સિટીએ લીધેલો નિર્ણય આખરી ગણાશે. અને જે તે વિદ્યાર્થીને તે બંધનકર્તા રહેશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,
વિંઝોલ (ગોધરા).